પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૯૫ | ૫ ડિસેમ્બર, ૨૦૧૭, મંગળવાર ; માગસર વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજે ગુજરાતમાં ઓખી વાવાઝોડું ત્રાટકશે





**રાજ્ય વહીવટી તંત્ર સાબદુ : કોઇપણ સ્થિતિને પહોંચી વળવા આગોતરું આયોજન કરાયું : દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠે ઓખી સ્પર્શશે : પ્રતિકલાકે ૬૦થી ૭૦ કલાકની ઝડપે પવન ફુંકાશે : ભારે વરસાદની શક્યતા**

અમદાવાદ, તા.૪

તમિળનાડુ અને કેરળમાં ભારે નુકસાન કર્યા બાદ ઓખી વાવાઝોડુ હવે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે. આવતીકાલે પાંચમી ડિસેમ્બરની મધ્ય રાત્રિએ ઓખી વાવાઝોડુ દરિયાકાંઠાને સ્પર્શે તેવી તંત્ર દ્વારા આગાહી કરાઈ છે. રાજ્ય સરકારનું વહીવટીતંત્ર સંપૂર્ણપણે સાબદુ થઈ ગયું છે. કોઈપણ સ્થિતિને પહોંચી વળવા માટે આગોતરુ આયોજન કરવામાં આવી રહ્યું છે. ૭૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફુંકાવાની અને કોઈ જગ્યાએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. બેઠકોનો દોર ચાલી રહ્યો છે. નાગરિકોને ભયભીત ન થવા પરંતુ સજાગ રહેવા માટે કહેવામાં આવ્યું છે. માછીમારોને દરિયામાં ન જવાની પણ સૂચના અપાઈ છે. અરબી સમુદ્રમાં લક્ષદ્વીપ પાસે ઉદ્દભવેલુ ઓખી નામનુ વાવાઝોડુ સુરત પાસેના દરિયા કાંઠેથી દક્ષિણ-પશ્ચિમ દિશામાં ૮૭૦ કિલોમીટર દૂર રહેલુ ઓખી નામનું વાવાઝોડુ આવતીકાલે પાંચમી ડિસેમ્બરને મંગળવાર મધ્યરાત્રીએ દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાને સ્પર્શશે એવી હવામાન વિભાગની આગાહીના પગલે રાજય સરકારનું વહીવટી તંત્ર છેલ્લા ૨૪ કલાકથી એલર્ટ થઈ ગયું છે.આવતીકાલે ગુજરાતના દરીયાકાંઠાને સ્પર્શનારા આ વાવાઝોડાના પગલે દરિયાકિનારાના વિસ્તારોમા આવેલા બંદરો ઉપર ૨ નંબરનુ સિગ્નલ દર્શાવવામા આવ્યુ છે.આ સાથે જ આ વાવાઝોડાની અસર આગામી ત્રણ દિવસ સુધી રહેનારી હોઈ માછીમારોને દરિયો ન ખેડવા સુચના આપવામા આવી છે.તંત્ર દ્વારા વાવાઝોડાની અસરના પગલે કયાંક ભારે વરસાદ તો કયાંક ડીપ ડીપ્રેશનની પણ સંભાવના વ્યકત કરવામા આવી છે.રાજય સરકારના તંત્ર દ્વારા નાગરિકોને ભયભીત ન થવા કે ચિંતા ન કરવાની સાથે સજાગ રહેવાનો અનુરોધ કરવામા આવ્યો છે.આ અંગેની વિગત એવી છે કે,સુરતના દરિયાકાંઠાથી ૮૭૦ કિલોમીટર દૂર રહેલુ ઓખી નામનુ વાવાઝોડુ આવતીકાલે ૫ ડિસેમ્બરને મધ્યરાત્રીએ દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠા ઉપર પહોંચવાની સંભાવનાને ધ્યાનમાં રાખીને છેલ્લા ૨૪ કલાકથી રાજય સરકારનુ તંત્ર એલર્ટ બની ગયુ છે.સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમા ઉભી થનારી સંભવિત પરિસ્થિતિની સમીક્ષા કરવા રાજયના મુખ્ય સચિવ ડો.જે.એન.સિંહની અધ્યક્ષતામાં આજે બપોરે રાજય સરકારના વરિષ્ઠ અધિકારીઓની એક તાકીદની બેઠક બોલાવવામા આવી હતી.જેમાં તંત્રને જરૂરી તમામ આગોતરા પગલાં લેવા અને અન્ય કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા તાકીદ કરવામા આવી હતી.દરિયાકાંઠાના જિલ્લાઓના વહીવટીતંત્રને ૨૪ કલાકના કંટ્રોલરૂમ શરૂ કરવા અને ખડેપગે રહેવાના આદેશો આપી દેવામા આવ્યા છે.હવામાન વિભાગના અનુમાન અનુસાર,ઓખી જયારે ગુજરાતના દરિયાકાંઠાનો સ્પર્શ કરશે ત્યારે તેની તીવ્રતા ઘણી ઓછી થઈ ગઈ હશે પરંતુ ડીપ ડીપ્રેશનની સ્થિતિ સર્જાશે. તે વખતે પવનની ગતિ ૬૦ થી ૭૦ કિલોમીટર પ્રતિકલાકની રહેવાની સંભાવના છે.

# લોકપ્રિય અભિનેતા શશી કપૂરનું નિધન

**દિવાર, સુહાગ, કભી કભી, ત્રિશુલ, ફકીરા જેવી ૧૭૫થી વધુ ફિલ્મોમાં અભિનેતા તરીકે કામ કરનાર શશી કપૂરને ૨૦૧૧માં પદ્મભૂષણ તેમજ ૨૦૧૫માં દાદા સાહેબ ફાલ્કે એવોર્ડથી સન્માનિત કરાયા**



મુંબઈ, તા.૪

વિતેલા વર્ષોના સુપર સ્ટાર અભિનેતા અને પદ્મભૂષણથી સન્માનિત શશી કપૂરનું લાંબી માંદગી બાદ આજે અવસાન થતાં બોલીવુડમાં આઘાતનું મોજુ ફરી વળ્યું હતું. છેલ્લા કેટલાક મહિનાઓથી શશી કપૂરની તબિયત સારી ન હતી. ૨૦૧૫માં શશી કપૂરને દાદા સાહેબ ફાલ્કે એવોર્ડ પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. વયોવૃદ્ધ સાથે સંબંધિત તકલીફ તેમને સતત નડી રહી હતી. સતત તબીબી દેખરેખ હેઠળ શશી કપૂર હતા. ૧૮મી માર્ચ ૧૯૩૮ના દિવસે જન્મેલા શશી કપૂરે અભિનેતા તરીકે ૧૭૫થી વધુ ફિલ્મોમાં ભૂમિકા કરી હતી. કલયુગ, વિજેતા, ઉત્સવ જેવી ફિલ્મોનું નિર્માણ પણ કર્યું હતું. આ ઉપરાંત ૧૯૯૧માં રજૂ થયેલી અમિતાભ બચ્ચન અભિનિત

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગર-અમદાવાદ સહિત રાજ્યના અન્ય વિસ્તારોમાં હળવો વરસાદ

ગાંધીનગર, તા.૪

રાજયમાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારો ઉપર આવતીકાલે મંગળવારે ઓખી વાવાઝોડુ સ્પર્શવાની આગાહી કરવામા આવી છે આ પરિસ્થિતિમા અમદાવાદ શહેરના વાતાવરણમાં આજે અચાનક પલ્ટો આવતા શહેરના પૂર્વના અનેક વિસ્તારોમાં સાંજના સમયે વરસાદી માહોલ જોવા મળ્યો હતો.

આ અંગે મળતી માહિતી અનુસાર, રાજયમાં આવતીકાલે મંગળવારે મધ્યરાત્રીના સુમારે ઓખી વાવાઝોડુ ત્રાટકવા અંગેની આગાહી બાદ જ્યાં રાજય સરકારના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આજે તાકીદની બેઠક બોલાવવામા આવી હતી.આ બેઠકમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ઉભી થનારી સંભવિત તમામ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તંત્રને હાઈએલર્ટના આદેશ જારી કરી દેવામા આવ્યા છે.ત્યાં બીજી તરફ અમદાવાદ શહેરમાં આજે સવારથી જ વાતાવરણમાં પલ્ટો આવેલો જોવા મળ્યો હતો.શહેરમાં આજે સવારથી જ આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાયેલુ હતુ.

## ન્યુઝ ટ્રેક

### કોલસા કૌભાંડના કેસોને અંતિમ સ્વરૂપ આપવા આદેશ

સુપ્રિમ કોર્ટે સીબીઆઈના ડાયરેકટરને કોલસા કૌભાંડ સંબંધી આઠ કેસોને અંતિમ સ્વરૂપ આપવા આદેશ કર્યો છે. આગામી ૧૫મી જાન્યુઆરી સુધી આ કેસો અંગે નિર્ણય લેવા જણાવાયું છે.

### ખેડૂતોને પેન્શન આપવા અન્ના હજારેની માંગ

ચળવળકાર અન્ના હજારેએ ૬૦ વષી વધુ વયના ગરીબ ખેડૂતોને ૫ હજાર પેન્શન આપવા માંગ કરી છે.

### પ્રદુષણ મામલે દિલ્હી સરકાર મુશ્કેલીમાં

દિલ્હીમાં ફેલાયેલા પ્રદુષણ મામલે દિલ્હી સરકારે એકશન પ્લાન રજુ નહી કરતાં નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલે ચેવતણી આપી છે.

### ઉત્તરપ્રદેશ-મહારાષ્ટ્રમાં સૌથી વધુ સાયબર ક્રાઈમ

ઉત્તરપ્રદેશ અને મહારાષ્ટ્ર સાઈબર ક્રાઈમમાં સૌથી સરળ ટાર્ગેટ તરીકે સામે આવ્યા છે. વર્ષ ૨૦૧૬માં સાઈબર ક્રાઈનાં સૌથી વધારે ૨૬૩૯ કેસ માત્ર ઉત્તરપ્રદેશમાં નોંધાયા હતા. જ્યારે મહારાષ્ટ્રમાં ૨૩૮૦ કેસ સાથે બીજા નંબર પર રહ્યું હતું. મુંબઇ સૌથી વધારે અનસેફ સિટી તરીકે સામે આવ્યું છે.

# કોંગ્રેસ અધ્યક્ષપદે રાહુલની તાજપોશીનો તખ્તો તૈયાર

**ઉમેદવારીપત્ર દાખલ કર્યુ : મનમોહનસિંહ, અમરિન્દરસિંહ સહિત વરિષ્ઠ નેતાઓ હાજર ઉમેદવારીપત્ર દાખલ કરતા પહેલા રાહુલ મનમોહનસિંહ અને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના ઘરે પહોંચ્યા : સર્વસંમતિથી ચૂંટાઈ આવે તેવી પ્રબળ શક્યતા**



નવી દિલ્હી,તા. ૪

રાહુલ ગાંધીની કોંગ્રેસના પ્રમુખ તરીકે તાજપોશીનો તખ્તો તૈયાર થઈ ગયો છે. કોંગ્રેસ પ્રમુખ પદના ચૂંટણીના પરિણામ ૧૯મી ડિસેમ્બરના દિવસે જાહેર કરવામાં આવશે. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ પણ તેના પહેલા જાહેર કરવામાં આવનાર છે. આવી સ્થિતિમાં રાહુલ ગાંધી સામે મોટા પડકાર ઉભા થઈ ગયા છે. કોંગ્રેસના પ્રમુખ પદ માટે આજે રાહુલ ગાંધીએ સવારે ઉમેદવારી દાખલ કરી હતી. આની સાથે જ તેમના પાર્ટી પ્રમુખ બનવા માટેનુ કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયુ હતું. ઉમેદવારી નોંધાવતી વેળા પ્રસ્તાવક તરીકે પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ અને પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરીન્દરસિંહ રહ્યા હતા. ઉમેદવારીપત્ર દાખલ કરતી વેળા રાહુલ ગાંધીની સાથે મનમોહનસિંહ, જ્યોતિરાદિત્ય સિંધિયા, અહેમદગ પટેલ, સુશીલ કુમાર શિંદે સહિતના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉમેદવારીપત્ર ભરતા પહેલા રાહુલે દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી શિલા દિક્ષીતને મળ્યા હતા. શિલા દિક્ષીતનું ગળે લગાવી સ્વાગત કર્યુ હતું. એવું માનવામાં આવી રહ્યું હતુ કે, રાહુલના પ્રસ્તાવક તરીકે સોનિયા ગાંધી રહેશે. ઉમેદવારીપત્ર વેળા ઉપસ્થિત રહેશે પરંતુ ઉમેદવારી નોંધાવી ત્યારે કમલનાથ, મોહસીના કિડવાઈ, નારાયણ સ્વામી ઉપસ્થિત રહ્યા હતા. ઉમેદવારી દાખલ કરવા માટે રાહુલ ગાંધી સવારે ૧૦.૩૦ વાગે દિલ્હીમાં પાર્ટી ઓફિસ ઉપર પહોંચ્યા હતા. પાર્ટી સમર્થકો પહેલાથી જ પહોંચવા લાગ્યા હતા. તેમની પાર્ટી પ્રમુખ તરીકે તાજપોશી હવે માત્ર ઔપચારિકતા રહી છે.

# અમારા માટે દેશ મોટો છે : મોદી

**મોદીએ ધરમપુરમાં જંગી જનમેદનીને સંબોધી, રાહુલના અધ્યક્ષ બનવા પર કટાક્ષ કોંગ્રેસ પાર્ટીએ ગુજરાતને બદનામ કર્યું છે તેને પાઠ ભણાવવાની જરુર છે**

ધરમપુર,તા.૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે



દક્ષિણ ગુજરાતના પ્રવાસે છે. તેઓ વલસાડ જિલ્લા અને ડાંગ જિલ્લાની વિધાનસભા બેઠકોને આવરી લેતા મત વિસ્તાર માટે ધરમપુરના માલનપાડાના વિશાળ મેદાનમાં જાહેર સભા સંબોધી રહ્યા છે. મોદીએ સભાને સંબોધતા કહ્યું કે, ૯મી તારીખે આપ ગુજરાતનું ભાગ્ય નક્કી કરવાના છો. નવમી તારીખે તમારે નક્કી કરવાનું છે કે જે લોકો ગુજરાતને એની પ્રગતિને ગુજરાત નામને ગુજરાતના કોઈ વ્યક્તિને ન સહન કરી શકે છે ન સ્વીકારી શકે છે. આવા લોકોને નવમી તારીખે એવી સજા કરવાની છે કે દેશ અને દુનિયામાં આ ગુજરાતને બદનામ કરવાનું બંધ કરે. બિહાર અને ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, બંગાળને બદનામ કરતા નહોતા, એક માત્ર ગુજરાત એવું છે, કોંગ્રેસનો કોઈપણ માણસ દિવસમાં એકવાર ગુજરાતને ભાંડ્યા વગર તેમને ચેન નથી પડતો.

૯મી તારીખે આપ ગુજરાતનું ભાગ્ય નક્કી કરવાના છો. નવમી તારીખે તમારે નક્કી કરવાનું છે કે જે લોકો ગુજરાતને એની પ્રગતિને ગુજરાત નામને ગુજરાતના કોઈ વ્યક્તિને ન સહન કરી શકે છે ન સ્વીકારી શકે છે આવા લોકોને નવમી તારીખે એવી સજા કરવાની છે. કે દેશ અને દુનિયામાં આ ગુજરાતને

● અનુસંધાન પાન-૫ પર


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

મેટ્રોના નામે
કરોડોનું કૌભાંડ કર્યું...
અને હવે બુલેટ ટ્રેનના સપનાં દેખાડી
ગુજરાતને છેતરવા આવ્યા છો...?
પણ ગુજરાત બધું જ સમજે છે...
કોંગ્રેસ આવે છે
નવસર્જન લાવે છે
પ્રકાશક : ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

